# અરવલ્લી જિલ્લામાં આજે ૬૨ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે

## જિલ્લાના ૬૨ ગામોમાં ગામના મુખી બનવા ગ્રામજનોને રૂપિયા, મદિરા સહીત અનેક પ્રલોભનોની વણજાર

અરવલ્લી, તા. ૩

અરવલ્લી જિલ્લાની ૬૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી અને પેટા ચૂંટણીઓ માટે આજે મતદાન યોજાતા પહેલા ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવા અવનવા પ્રલોભનો આપવાની સાથે રોકડ રકમ અને વિદેશી દારૂ સહીત દેશી દારૂ ચા નાસ્તાના આયોજન કરી છેલ્લી ઘડી સુધી પ્રયાશો જારી રહ્યા હતા. મોટાભાગની પંચાયતોમાં ભારે રસાકસીભર્યા વાતાવરણમાં આજે ચૂંટણી યોજાશે. બીજી બાજુ તંત્રએ પણ ચૂંટણી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા કવાયત હાથ ધરી છે. સંવેદનશીલ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવશે.



અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાની ૨૧, મેઘરજ તાલુકાની ૫, ભિલોડા તાલુકાની ૫, માલપુર તાલુકાની ૧૨, બાયડ તાલુકાની ૧૪ અને ધનસુરા તાલુકાની ૯ મળી કુલ ૬૨ ગ્રામ પંચાયતોના ૨૫૫ મતદાન મથકો ઉપર ચૂંટણી તંત્ર અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આજે ચૂંટણી યોજાશે. સરપંચની ૬૨ બેઠકો માટે ૩૦૮ ઉમેદવારો અને ૨૫૧ સભ્યપદની ચૂંટણી માટે ૭૦૩ ઉમેદવારોએ વિજયી બનવા માટે ચૂંટણી પ્રચારમાં અવનવા પ્રલોભનો આપવાની સાથે પોસ્ટર પત્રિકા અને વાયદાઓ આપવાની સાથે ચૂંટણી પડઘમ શાંત થતાની સાથે મુરતિયાઓ મતદારોને રીઝવવા ખાટલા બેઠકો શરુ કરી કતલની રાત તરીકે જાણીતી મતદાનની આગલી રાત્રીએ રોકડ રૂપિયાની પોટલીયો કેટલાક ગામોમાં છુટ્ટી મૂકી દીધી હતી અને ઘર અને મત દીઠ રોકડ રૂપિયા વહેંચવામાં આવ્યા હતા અને દેશી-વિદેશી દારૂની રેલમછેલ સાથે ચા-નાસ્તાની મહોફિલો જામી હતી. તદુપરાંત ઉમેદવારોએ અવનવા પ્રલોભનો આપી રીઝવવાનો ભરપૂર પ્રયાશ કરી સોગંદવિધિ પણ મતદારો પાસે કરાવી હોવાનું જાણવા મળ્યું હતું. કેટલાક ગામડાઓમાં જાતિવાદની ગણતરી મૂકી આવતા ૫ વર્ષ પછી આવનારી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તેમના સમાજના ઉમેદવારને સમર્થન આપવાની બોહેધારી આપવાની સાથે નિતનવા નુશખા અપનાવી અને જરૂર પડે બળ પ્રયોગની ધમકી આપી મતદારોના મત અંકિત કરવા અને વિજય પ્રાપ્ત કરવા ચૂંટણી જંગમાં ઝઝુમતા જોવા મળ્યા હતા.

જયારે બીજીબાજુ ચૂંટણીતંત્ર અને પોલીસ વિભાગે પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કમરકસી છે ચૂંટણી વિભાગ દ્વારા તમામ તેયારીઓ પૂર્ણ કરવાની સાથે ૨૫૫ મતદાન મથકો પર ૩૧૩ ઈવીએમ મશીનો પહોંચાડવાની કામગીરીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

### શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજ દ્વારા પ્રવાસ યોજાયો

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત વી.વી. શાહ એમ.એસ.સી. (સી.એ. એન્ડ આઈ.ટી.) કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં અંબાજી, માઉન્ટઆબુ (ગુરૂ શિખર, નખી લેક, સનસેટ પોઈન્ટ, અધ્ધર દેવી મંદિર) જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ પ્રભારીમંત્રી અરવિંદભાઈ મોદી તથા આચાર્ય પરિમલ શાહે પ્રવાસ કો ઓર્ડિનેટર પ્રો. ભૌમિક કોઠારી તથા સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.




**જયસ્વાલ સમાજનુ ગૌરવ**

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.એચ. પટેલ એમ.એડ. ઈન્સ્ટીટ્યુટ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં લેવાયેલ પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતાં મોડાસા કોલેજ કેળવણી મંડળ દ્વારા જયસ્વાલ મિનલબેન દિલીપભાઈને ભરતકુમાર ગૌરીશંકર જોષી સુવર્ણ મંડીત ચંદ્રક શ્રી બી.એસ. પટેલ આઈઆઈટીપી ગાંધીનગર ડીનના હસ્તે અર્પણ કરવામાં આવેલ છે. જેથી શીણાવાડ ગામ તથા સમગ્ર જયસ્વાલ સમાજનું ગૌરવ વધારેલ છે.

# પ્રાંતિજ ખાતે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યું

## નગરપાલિકાની ચૂંટણીને લઈને ફોર્મ ભરીને ઉમેદવારી નોંધાવી : ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોય ઉમેદવારોનો મોટો ઘસારો જોવા મળ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાની



ચૂંટણી માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોય પ્રાંન્ત કચેરી ખાતે ભાજપ-કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારોનો મોટો ધસારો જોવા મલ્યો હતો. ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારોએ પોતાના સમર્થકો સાથે ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી.

ગુજરાતમાં નગરપાલિકાઓની ચૂંટણી ૭૫ જગ્યાઓએ યોજાનાર છે અને ચૂંટણીમાં દાવેદારી નોંધાવાની છેલ્લી તારીખ ત્રીજી ફેબ્રુઆરી હોય ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંન્ત કચેરી ખાતે ભાજપ- કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારો દ્વારા પોતાનાં સમર્થકો કાર્યકરો સાથે પોતાની ઉમેદવારી નોંધાવવા માટે છેલ્લાં દિવસે અને છેલ્લી ઘડીએ મોટી ભીડ જોવા મળી હતી. પ્રાંતિજ ખાતે ફોર્મ ભરવાના છેલ્લાં દિવસ સુધી કુલ ૯૯ ફોર્મ ભરાવ્યા છે. જેમાં હાલ ૯૭ જેટલાં ઉમેદવારો મેદાનમાં છે. પ્રાંતિજ ખાતે આવેલ ૧ થી ૬ વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા માત્ર પાંચ નંબરના વોર્ડ સિવાયના વોર્ડો માજ મેન્ડેટની ફાળવણી કરવામાં આવી છે અને બન્ને પક્ષો દ્વારા પાંચ નંબરના વોર્ડમાં મેન્ડેટની ફાળવણી કરવામાં આવી નથી. ફોર્મ ચકાસણી પાંચ તારીખે યોજાશે. જયારે ઉમેદવારોએ ભરેલ ફોર્મ ૬-૨-સુધીમાં પરત ખેંચી શકશે. ત્યારે હાલ તો ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષો દ્વારા ચૂંટણી અધિકારી અને પ્રાંતિજ તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ ભરીને ઉમેદવારી નોંધાવી છે.

# અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને સ્થાનિકોએ પાઠવ્યું આવેદનપત્ર

## યાત્રાધામ અંબાજીમાં કરોડોના ખર્ચે બનેલી હોસ્પિટલ શોભાના ગાંઠીયા સમાન

અંબાજી, તા. ૩

યાત્રાધામ અંબાજી ખાતે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આદ્યશકિત હોસ્પિટલ માત્ર શોભાના ગાંઠીયા સમાન હોય તેવી બની ગઈ છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંદાજે રૂપિયા ૨૨ કરોડના ખર્ચ ૨૦૦ બેડની આધ્યશક્તિ હોસ્પિટલ બનાવાઈ છે. જેનું ૪ વર્ષ અગાઉ લોકાર્પણ કરાયું હતું. પણ હોસ્પિટલમાં ફિજીસીયેન, ગાઈનેક ઓર્થોપેડીક, પીડીયાટ્રીશીયન જેવા ડૉકટરોની કોઈજ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી. પરીણામે અંબાજી સહિત આદિવાસી લોકો




તથા યાત્રિકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

અંબાજીની આસપાસ ઘાટીઓમાં સર્જાતા પારાવાર અકસ્માત કે પછી સ્થાનિક મહીલાઓને પ્રસુતિ જેવી ઘટનામાં દર્દીઓને મોતને ભેટવું પડે છે. જેને લઈ સ્થાનિક લોકોમાં ભડકેલાં ભારે રોષને લઈ આજે એક વિશાળ રેલી યોજીને હોસ્પિટલ સંચાલક અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. એટલુંજ નહી જો હોસ્પિટલમાં ૧૫ દિવસમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં નહી આવે તો ૧૫ દિવસ બાદ ઉગ્ર આંદોલન સહિત હોસ્પિટલને તાળાબંધી જેવા કાર્યક્રમ અપનાવવાની ચિમકી ઉપચ્ચારવામાં આવી છે.

### આજે ધનસુરા તાલુકામાં ૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે

ધનસુરા, તા. ૩

આજે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધનસુરા તાલુકામા ૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. જેને લઈને ગઈકાલે સ્ટાફ રવાનગી, ચૂસ્ત પોલીસ બંદોબસ્ત, અને ઈવીએમની વહેચણી ધનસુરા હાઈસ્કૂલ ખાતે કરાઈ હતી.

ધનસુરા તાલુકામાં ૮ ગ્રામપંચાયતોની ચૂંટણી છે. જેથી તંત્ર ધ્વારા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ધનસુરા તાલુકામા મલેકપુર ગ્રામ પંચાયત સમરસ થતા હવે ૮ ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાશે.

ધનસુરા તાલુકામા રહિયોલ, જામઠા, ભેંસાવાડા, વડાગામ, બીલવણીયા, જશવંતપુરા, કરોલી, ખડોલ ગ્રામપંચાયતોની ચૂંટણી આજે યોજાશે. જેને લઈને તંત્ર ધ્વારા ચૂંટણીની કામગીરી પૂર્ણ કરાઈ છે અને શાંતિ પૂર્ણ રીતે ચૂંટણી યોજાય એટલે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

### ખેડબ્રહ્માની ૩ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાની ૩ પંચાયતોમાં આજે મતદાન થશે. ખેડબ્રહ્મામાં રૂદ્રમાલા, હિંગટિયા, મટોડા અને પાદરડી પંચાયતોમાં ચૂંટણી યોજાવાની હતી. જેમાં રૂદ્રમાલા પંચાયત સમરસ થતા ૩ પંચાયતમાં ચૂંટણી યોજાશે.

મટોડા પંચાયતમાં ૨ બુથ પર ૬૬૬ પુરૂષ અને ૬૭૨ સ્ત્રી મતદારો અનુસૂચિજાતી મહિલા સરપંચ માટે મતદાન કરશે. જેમાં ૩ મહિલાઓ ચૂંટણી લડશે. જ્યારે હિંગટિયા ગ્રામપંચાયતમાં ૭ બૂથ પર ૨૩૦૨ પુરૂષો અને ૨૦૬૩ મહિલાઓ વોટિંગ કરશે. જ્યાં અનુસૂચિત જનજાતિની ૩ મહીલાઓ મેદાને પડી છે. જ્યારે પાદરડી પંચાયતમાં સરપંચની સીટ અનુ.જન જાતિ સામાન્ય સીટ જાહેર થઈ હતી, જેમાં પંચાયતમાં એક પણ અનુ.જન. જાતિનો ઉમેદવાર ન હોઈ એક પણ ફોર્મ ન હતુ. જ્યારે ૪ વોર્ડ સમરસ થતા ૪ વોડમાં ચૂંટણી યોજાશે.

### તત્વ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝ, મોડાસાનું ગૌરવ

તત્વ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝ, મોડાસા ખાતે અભ્યાસ કરતા એમ.ઈ. સિવીલ (ટ્રાન્સપોર્ટેશન એન્જી.)ના વિદ્યાર્થી શાહ અર્ચિત



યોગેશકુમારના થીસીસ પર આધારિત ટેકનીકલ પેપર ૧૩ અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમિયાન 'મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (MANIT), ભોપાલ ખાતે યોજાનાર 'રીસન્ટ એડવાન્સીસ ઈન ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર' પરની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પ્રેઝન્ટેશન માટે સ્વીકારવામાં આવેલ છે.

આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના મહાનુભાવો પણ ભાગ લેવાના છે જેમાં તત્વ કોલેજના શાહ અર્ચિતનું પેપર પસંદ કરવામાં આવેલ છે જે ખરેખર કોલેજ માટે ગૌરવની વાત છે. તેઓની આ ઉપલબ્ધી માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે, આચાર્ય ડૉ. એચ.આર. વરીઆ તેમજ સમગ્ર ટ્રસ્ટીગણે અભિનંદન આપ્યા હતા.



**ખેડબ્રહ્મામાં છેલ્લા દિવસે ૧૯ ફોર્મ ભરાયા**

ખેડબ્રહ્મા નગરપાલિકાની ચૂંટણીના ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૧૯ ફોર્મ ભરાયા હતા. જે મળી કુલ ૧૦૧ ફોર્મ ભરાયા હતા. છેલ્લો દિવસ હોઈ ઉમેદવારો વહેલી સવારથી જ ફોર્મ ભરવા માટે પ્રાંત કચેરી ઉમટી પડ્યા હતા. બપોરે ૨.૪૦ વાગે પહેલા ભાજપ અને પછી કોંગ્રેસે ઉમેદવારોના મેન્ડેટ બંધ કવરમાં પ્રાંત અધિકારી કૌશિક મોદીને સોંપ્યા હતા.

# પાલનપુરના પીઢ પત્રકાર ગણપતભાઈ જોષીને ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ એનાયત

પાલનપુર, તા. ૩

જન્મ અને કર્મભૂમિ પાલનપુરના પનોતા પુત્ર ગણપતભાઈ કેવળરામ જોષીને તા.૨૯ જાન્યુઆરીએ રાજભવન ગાંધીનગર ખાતે આધ્યાત્મિક ગુરૂ




પરમ પૂજય ક્રિષ્નમણીજી મહારાજની ઉપસ્થિતિમાં રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના વરદ હસ્તે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ ૨૦૧૭થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ મેળવીને ગણપતભાઈ જોષીએ પાલનપુર શહેર અને બનાસકાંઠાનું ગૌરવ વધાર્યુ છે. વિધાર્થી અવસ્થાથી જ અખીલ ભારતીય વિધાર્થી પરિષદ બેનર નીચે તેઓએ જિલ્લામાં વિધાર્થી આંદોલનનું નેતૃત્વ કર્યુ હતું. ત્યારબાદ રાજનીતિમાં પ્રવેશી જનસંઘ તેમજ ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનની વિવિધ જવાબદારીઓ નિભાવી છે. સહકારી ક્ષેત્રે પણ સક્રિય રહી પાલનપુર પીપલ્સ બેંકના ચેરમેન, બનાસકાંઠા અર્બન બેંકસ ફેડરેશનના ચેરમેનપદે, ગુજરાત અર્બન બેંકસ ફેડરેશનના ડાયરેકટર પદે, બનાસકાંઠા મહેસાણા ગ્રામીણ બેંકના ડીરેકટર પદે સેવા આપી ચૂક્યા છે.

સામાજિક સેવામાં હંમેશા અગ્રેસરની ભૂમિકામાં રહેલા ગણપતભાઈ જોષી સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠાના પ્રદેશ મહામંત્રી પદે પણ સેવાઓ આપેલ છે. કોલેજ કાળથી જ સ્વામી વિવેકાનંદજીને પોતાના આદર્શ તરીકે સ્વીકારી કાર્ય કરનાર જોષી વિવેકાનંદ કેન્દ્ર પાલનપુરના સંયોજક પદે છેલ્લા ૩૦ વર્ષથી સતત યુવાનોમાં સ્વામી વિવેકાનંદજીના સંદેશનો પ્રચાર પ્રસાર થાય તે માટે કાર્ય કરી રહ્યા છે. વિવેકાનંદ કેન્દ્રના માધ્યમથી સમાજ સેવાને તેમણે અસરકારક બનાવી છે. સ્વામીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી દરમ્યાન રાજય સરકારે સોંપેલ જવાબદારીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં જિલ્લો તાલુકો શહેર અને ગ્રામ્ય કક્ષાએ યુવાનોના ૧૦૦૦ એક હજાર તેમજ મહિલાઓના ૮૦૦ જેટલા મંડળો બનાવીને બનાસકાંઠા જિલ્લાને રાજયકક્ષાએ પ્રથમ હરોળમાં લાવી કાર્યરત કરેલ. આ મંડળોને રાજય સરકારની સહાયથી રમત ગમતની કીટોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

બહુમુખી પ્રતિમાના સ્વામી એવા ગણપતભાઈ જોષીએ વ્યવસાય તરીકે પત્રકારત્વને સ્વીકારી સમાજ સેવાને મંત્ર બનાવેલ છે. છેલ્લા ૪૦ વર્ષથી પત્રકારત્વક્ષેત્રે કાર્યરત ગણપતભાઈ જોષી પત્રકાર તરીકે પણ જિલ્લાભરના જાહેર જીવનમાં માન મોભાભર્યુ સ્થાન મેળવ્યું છે. આમ ગુજરાતના રાજયપાલશ્રીના વરદહસ્તે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ ૨૦૧૭ પ્રાપ્ત કરનાર ગણપતભાઈ જોષીએ પાલનપુર શહેર અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તેમના વિશાળ ચાહક વર્ગ અને મિત્રવર્તુળમાં આનંદની લાગણી વ્યાપી છે.

### ખેડબ્રહ્મા તાલુકાની ઝાઝવા પણાઈ ગામની પેટા ચૂંટણી જાહેર થઈ

ખેડબ્રહ્મા તાલુકાની ઝાંઝવ પનાઈ સીટ પર વિજેતા ઉમેદવાર સુમિત્રબેન હદાભાઈ પારગીનું મૃત્યુ થતા સીટ ખાલી પડી હટી. જેનું જહારેનામું શનિવારના રોજ બહાર પાડ્યુ હતું. જેની ચૂંટણી ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાશે.

## મહેસાણા મીરાદાતાર દરગાહ પરથી ગુમ થયેલી યુવતીને

# અરવલ્લી ૧૮૧ અભયમ્ ટીમે માતા સાથે મિલન કારાવ્યું

મહેસાણા, તા. ૩

રાજસ્થાનના ચિત્તોડગઢના લીંબહેડા ગામની માનસિક અસ્વસ્થ અને અંધશ્રદ્ધાથી પીડાતી યુવતી તેની માતા સાથે સપ્તાહ પહેલા બાધા-માનતા માટે




મહેસાણા જિલ્લાના ઉનાવામાં આવેલી મીરાદાતાર દરગાહ પર પહોંચી હતી અને માતાથી વિખુટી પડતા તેની માતા અને પરિવારજનોમાં ભારે શોધખોળ બાદ પણ મળી ન આવતા નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાની સાથે સોશ્યલ મીડિયાના માધ્યમથી ગુમ યુવતીનો ફોટો સાથેનો મેસેજ વાયરલ કર્યો હતો.

બીજી બાજુ માનસિક અસ્વસ્થ યુવતી મોડાસાના ગઢા ગામ નજીક પહોંચતા યુવતી પર ખેતરમાં કામ કરતા ખેડૂતની નજર પડતા યુવતી કોઈ અનિચ્છનીય ઘટનાનો ભોગ ન બને તે માટે માનવતા દાખવી ખેડૂત ઘરે લઈ જઈ દીકરીની જેમ ૨ દિવસ સાચવી અરવલ્લી ૧૮૧ અભયમ ટીમને મોડાસા મહિલા કચેરીએ સોંપી હતી અને તપાસ હાથ ધરાતા સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ ઘુમના ફોટો મેસેજ પર રહેલા મોબાઈલ નંબર પર સંપર્ક કરી તેની માતા અને પરિવારજનો સાથે મિલન કરાવતા માતા પુત્રીની આંખોમાંથી હર્ષના આંસુ છલકાયા હતા.